## જન્મદિને વધામણી



વિક્ષા સચિન ભટ્ટ

## ડાયરેક્ટ ❤ સે

સંઘર્ષના વનમાં
પ્રવેશતા પહેલાં
પોતાની પ્રતિભા
અવશ્ય
ચકાસી લેવી જોઈએ.
કારણ કે અજાણી જગ્યાએ
પ્રતિભા
પોતાનો રસ્તો
આપમેળે શોધી લે છે.

## સુરતમાં યોજાયેલી 'મૅન ઑફ સ્ટીલ' સ્પર્ધામાં ન્યૂ ગાંધીનગરનો યુવાન ઝળક્યો

ગાંધીનગર, તા. ૨૩

સ્ટ્રેન્થ બૉડી બિલ્ડીંગ ઍસોસિએશન, દક્ષિણ ગુજરાત તરફથી 'મૅન ઑફ સ્ટીલ' સ્પર્ધા સુરત ખાતે યોજવામાં આવી હતી.

આ સ્પર્ધામાં હાઈપર ટ્રોફી જીમ, સરગાસણના તાલીમાર્થી વીર ચૌધરીએ ભાગ લઈને પાંચમા ક્રમનું વિજેતાપદ મેળવ્યું હતું. ગાંધીનગરના ખેલપ્રેમીઓ તરફથી વીરને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# પ્રેરણા વિદ્યાલયનો આજે વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૨૩

આવકાર ઍજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત પ્રેરણા વિદ્યાલયનો વાર્ષિકોત્સવ સોમવારે શહેરમાં યોજાઈ રહ્યો છે. આ અંગેની વિગતો આપતાં પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનીષ ખત્રીએ જણાવ્યું છે કે સૅક્ટર-૨૨ રંગમંચ ખાતે સાંજે ૬.૧૫ કલાકે યોજવામાં આવેલા વાર્ષિકોત્સવ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર ઉત્તર વિભાગના ધારાસભ્ય ડૉ. સી જે ચાવડા, અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર રાજપૂત સમાજના પ્રમુખ ઍલ કે વાઘેલા અને કમિશનર ઑફ સ્કૂલ્સ કચેરીનાં સબ્જેક્ટ ઍક્સપર્ટ સ્વાતિબા રાઓલ ઉપસ્થિત રહેશે. વિદ્યાર્થીઓ દ્વારા આ વાર્ષિકોત્સવ અંતર્ગત પ્રાર્થના, સ્વાગત ગીત, અભિનય ગીત, ગરબો, માઈમ, પંજાબી ડાન્સ, ટીપ્પણી, રાજસ્થાની ડાન્સ અને ગણેશ વિસર્જન જેવી સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવશે. વિદ્યાર્થીઓના વાલીઓ ઉપરાંત નગરના સાંસ્કૃતિક કૃતિઓના પ્રેમી નાગરિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે ટ્રસ્ટ અને શાળા પરિવાર તરફથી આમંત્રણ પાઠવ્યું છે.

# બાળકોને ગાવાં ગામે તેવાં શિશુગીતો અને બાળગીતો




બાળ સાહિત્યમાં બાળગીતો વિષે ઘણું લખાય છે. પરંતુ બાળગીત લખવું તે સહેલી વાત નથી. આજના એકવીસમી સદીના બાળક સામે અનેક માધ્યમો દ્વારા તેને ગમતાં જોડકણાં, ગીતો દશ્ય-શ્રાવ્ય માધ્યમથી પ્રસ્તુત થતાં રહે છે, જેમાં સંગીત, કાર્ટૂન ચિત્રો સાથે બાળકને આકર્ષવાનો પ્રયાસ થાય છે અને બાળકો તેનાથી આકર્ષાય છે પણ ખરાં.

આજના બાળકને કેવાં ગીતો ગમશે તે વિચારણીય મુદ્દો છે. બાળગીતો અંગે જાણીતા કવિ યોસેફ મેકવાન લખે છે કે 'બાળગીતો એટલે બાળકોના મનોભાવની સૃષ્ટિ. બાળક જે કંઈ દશ્ય-શ્રાવ્ય અનુભવે તેની સાથે કલ્પનાના રંગો ભળે ત્યારે તે બાળકને આનંદની અનુભૂતિક રાવે. આ સરળ, સાદી શૈલીમાં હોય તો તેને ગાતાં-લલકારતાં મજા પડી જાય ! એ વારંવાર ગાવા કે ગણગણવા પ્રેરાય તો એ સાચું બાળગીત. બાળક પોતાની આસપાસ જે જગત જુએ છે, જે અનુભવે છે, તેનું કલ્પનામઢ્યું પ્રતિબિંબ બાળગીતમાં ઝીલાય ત્યારે તેને ગમ્મત પડે છે. ટૂંકમાં વિષયાનુરૂપ કલ્પનાવિહાર અને લયબદ્ધ શબ્દરચના એ બાળ-ગીતનો પ્રાણ છે.' આજે એવા જ એક છમ્મલીલાં ગીતોની વાત કરવી છે.

'છમ્મલીલાં ગીતો' લઈને કવિ મનહર ઓઝા આવ્યા છે. તેમના આ સંગ્રહમાં ૩૦ જેટલાં બાળગીતો મળે છે. કવિનો બાળગીતોનો આ પહેલો સંગ્રહ છે. કવિને ગીત રચવું હોય ત્યારે મનમાં પ્રથમ તેની તર્જ સ્ફૂરે છે, તેના પર શબ્દો ગોઠવાય છે અને સમયાંતરે વિવિધ વિષયોનાં ગીતો રચાતાં રહે છે. તેમનાં ગીતો વિષે પ્રસ્તાવનામાં એમ કહેવાયું છે કે બાળભોગ્ય શૈલીમાં લખાયેલાં આ ગીતો મનહર છે. ને બાળકો તને મનભર માણશે એ નિઃશંક. બાળકોના લહેકામાં તેમણે સફળ રીતે ગાયું છે, વિષય વૈવિધ્ય પણ જોવા મળે છે. બાળકોનાં મનમાં રહેલું 'તારલિયા'નું કૂતુહલ આબાદ પ્રગટ કર્યું છે. કવિ કહે છે કે આકાશના તારા સૌના છે એટલે કોઈના નથી. જુઓ આ રચના -

ઝબ ઝબ ઝબકે તારા
નહિ તારા નહિ મારા
દૂર દૂર આકાશે
લાગે સહુને પ્યારા...




આ સંગ્રહમાં આપણને ઘર વિષેનાં બે કાવ્યો મળે છે. 'નાનકડું ઘર', 'મારું ઘર', જેમાં ઘર પ્રત્યેની લગની વર્તાય છે. કવિએ વરસાદનું પણ એક મધુર ગીત આપ્યું છે, કીડીબેનના કથાગીતમાં અજાણતા તેનાથી થયેલ ભૂલ કેવી સ્થિતિ પેદા કરે છે તે બાળકોને ગમે એવું છે. તો વળી 'કુરકુરિયું' ગીતમાં કુરકુરિયું પોતાનો પરિચય આમ કંઈક આપે છે.

ઝીણી છે આંખો મારી
વાંકી છે પૂંછ મારી
લાંબી છે જીભ મારી
હું લાગું પ્યારું પ્યારું
વ્હાલું વ્હાલું...

કવિએ પર્યાવરણ અને વૃક્ષો બચાવવાની વાત પણ વૃક્ષ કાવ્યમાં ખૂબ સુંદર રીતે કરી છે તે કહે છે કે-

હું વૃક્ષ મજાનું નાનું નાનું
રમ્યા કરું છું હું છાનું માનું
આપું બધાંને તાજાં ફળફૂલ
છાંયડાના શાં કરશો મૂલ ?
માનવ હંમેશાં કરતો ભૂલ,
કાપે તેને જે હોય અમૂલ,
હું છું તમારું દોસ્ત થવાનું
હું વૃક્ષ મજાનું નાનું નાનું

કવિતા 'ચીં ચીં ચીં ચીં' અને 'ચકલી'નાં ગીતો બાળકોમાં પ્રિય થાય તેવાં છે. આ બધાં બાળગીતોમાંથી પસાર થતાં મજાની બાળ સૃષ્ટિમાં પતંગ, બાલુ, હાથી ભાઈ, મારા દાદા અને ઢાંગલી નકામી જેવા વિષયો પર પણ કવિએ હાથ અજમાવ્યો છે. તો આજનાં બાળકોને પ્રિય એવી વાર્તા, શોપિંગ, કમ્પ્યુટર જેવા નવા વિષયો પણ કવિ લાવ્યા છે. તો વળી પાણીનું મૂલ્ય બાળકોને સમજાય તે માટેનું ગીત પણ મળે છે. ઉપરાંત મેળો, નાનકડું ઘર, મારા દાદા, દિવાળી, ઉંદરડી, નાનો ભઈલુ, ટીનીમીની, નાચોકૂદો, એકડો જેવાં આસપાસના વાતાવરણનાં ગીતો રચી કવિ બાળ માનસને સમજીને પરિચિત વિષયો લઈને આવ્યા છે. તે સાથે લીલુંછમ્મ જંગલ, ગરમાળો જેવાં ગીતો દ્વારા કવિએ બાળકોને પ્રકૃતિનો પરિચય કરાવવાનો ઉદ્દેશ પણ સિદ્ધ કર્યો છે. અહીં શિશુ ગીતો અને બાળગીતોનું સુંદર સંમિશ્રણ મળે છે.

આ ગીતો સંગીતબદ્ધ થાય તો અભિનયગીત તરીકે પણ કવિને નામના અપાવે તેવાં છે. કવિનાં 'છમ્મલીલાં ગીતો'ને આવકારું છું અને અભિનંદન પાઠવું છું.

છમ્મલીલાં ગીતો (બાળકાવ્યો)
લેખક : મનહર ઓઝા
પ્રકાશક : અમોલ પ્રકાશન, ૫૨, પાંચમો માળ, વર્લ્ડ બિઝનેસ હાઉસ, પરિમલ ગાર્ડન પાસે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૮, કિંમત : રૂા. ૫૦/-

# સિસિકા દ્વારા સ્વેટર્સનું વિતરણ



ગાંધીનગર, તા. ૨૩

શિયાળાની કડકડત ઠંડીમાં જરૂરિયાતમંદ બાળકોને હૂંફ મળી રહે તે માટે એકદમ સમયસર જ આરંભ કરવામાં આવેલ ગરમ સ્વેટરના વિતરણની કામગીરી એટલી જ સફળતાપૂર્વક અને નિયત સમયમર્યાદામાં જ સિસિકાએ સંપન્ન કરેલ છે. સંસ્થાના સેવાભાવી સભ્યો બી ડી શાહ (મંત્રી), એમ આર શાહ (કન્વીનર), દશરથ પરમરા, જયરામ સોની, પ્રદીપ લાખીયા, મહેન્દ્રસિંહ વાઘેલાએ ઉઠાવેલ જહેમતથી બહુ થોડા જ દિવસોમાં ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં ફરી જાહેર સંસ્થાઓ જેવી કે સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ, સૅ. ૧૩, સમર્પણ મૂકબધિર શાળા, સૅ. ૨૮, સ્પેશિયલ હોમ, સૅ. ૧૯, સૅ. ૬ આંગણવાડી, સૅ. ૩ ન્યૂ આંગણવાડી, અંબા એન્જલ્સ-ત્રિમંદિર, અડાલજમાં આશરે ૩૫૦થી વધારે ગરમ સ્વેટરનું વિતરણ નાનાં ભૂલકાઓને કરવામાં આવ્યું હતું. આ કામગીરીમાં સિસિકાની મહિલા પાંખનાં સભ્યો આશાબેન દોશી, અનિલાબેન રાણા, દામિનીબેન લાખિયા, મીનાબેન શાહ, દક્ષાબેન કક્કડ, કોકિલાબેન મહેતા અને કુસુમબેન જોશી પણ જોડાયા હતા. ઠંડીની સિઝન પૂરી થાય તે પહેલાં જ ખૂબ જ યોગ્ય સમયે જરૂરિયાતમંદ બાળકોને પહોંચેલ આ અદ્વિતિય સેવા-લાભથી જે તે લાભાર્થી સંસ્તાઓએ પણ સકારાત્મક નોંધ સાથે આભારની લાગણી અનુભવી હતી.

# નગરના યુવાન દ્વારા જન્મદિનની અનોખી ઉજવણી



ગાંધીનગર, તા. ૨૩

શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ કેમ્પસમાં સ્થિત સમર્પણ હોસ્ટેલના સંચાલક કિરણભાઈએ પોતાનો જન્મદિવસ અનોખી રીતે ઉજવ્યો હતો અને 'આપવાનો આનંદ' પ્રાપ્ત કર્યો હતો.

તેમણે કેકને બદલે ઘરમાં જાતે બનાવેલી પૌષ્ટિક સુખડી કાપી હતી અને મીણબત્તીના સ્થાને દીવો પ્રગટાવ્યો હતો. હોસ્ટેલમાં રહેતા અને શ્રી વેદ સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પણ પોતાના જન્મદિવસ નિમિત્તે અન્ય ભેટ-સોગાદો આપવાને બદલે કેમેસ્ટ્રી, ફિઝીક્સ, મેથ્સ અને બાયોલોજી વિષયના અઘરા ટૉપિક તૈયાર કરીને બૂકલેટમાં જાતે લખીને તે બૂકલેટ ભેટ સ્વરૂપે પોતાના ગુરુને અર્પણ કરી હતી અને વાર્ષિક પરીક્ષામાં શ્રેષ્ઠતમ પરિણામ મેળવવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે સમર્પણ હૉસ્ટેલના કૅમ્પસ ડિરેક્ટર રૂપસિંહભાઈ, શ્રી વેદ સ્કૂલના મૅનેજિંગ ટ્રસ્ટી બાબુભાઈ, મૅનેજિંગ ડિરેક્ટર ડૉ. ડી બી પટેલ અને પૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આ અનોખી ઉજવણી બદલ કિરણભાઈને બિરદાવી વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હૉસ્ટેલના વિદ્યાર્થીઓએ કર્યું હતું. ઉદ્‌ઘોષણા પિનાક, મહેન્દ્ર અને યોગેશ દ્વારા કરવામાં આવી હતી.


# ફી મંજૂરીનો આદેશ નોટિસ બોર્ડ પર ફરજિયાત મૂકવો પડશે

ગાંધીનગર, તા.૨૩

મનમાની ફી ઉઘરાવીને વાલીઓને પરેશાનીમાં મૂકતા ખાનગી શાળા સંચાલકોને હવે તેમને જેટલી ફી વધારા મંજૂરી મળી હશે તે પત્રની નકલ હવે શાળાના નોટિસબોર્ડ પર ફરજિયાત મૂકવી પડશે. ફી નિર્ધારણ કમિટી સમક્ષ ફી વધારા માટે રજૂઆત કર્યા બાદ ફી નિર્ધારણ કમિટીએ દરેક શાળાને વર્ષ ૨૦૧૮-૧૯ના શૈક્ષણિક વર્ષમાં કેટલી ફી વિદ્યાર્થી-વાલી પાસેથી લેવી તેનો મંજૂરીપત્ર આપેલો હોય છે. ફી નિર્ધારણ કમિટીએ નક્કી કરેલી ફીની રકમ સિવાય કેટલીક શાળાઓ ઈત્તર પ્રવૃત્તિના નામે કે પછી અન્ય કારણસર ફી વધારે વસૂલતી હોવાની ફરીયાદો વિલીઓ દ્વારા મળતી હતી. આ ફરીયાદોના પગલે હવે શિક્ષણ વિભાગે આદેશ આપ્યો છે કે તમામ ખાનગી શાળા સંચાલકોએ ફી નિર્ધારણ કમિટીએ મંજૂર કરેલા આદેશ મુજબની ફી જ વિદ્યાર્થીઓ કે વાલીઓ પાસેથી વસૂલવાની રહેશે. અને જો ખાનગી શાળા સંચાલક દ્વારા ફી નિર્ધારણ સમિતિ દ્વારા નિયત કરેલી ફીથી વધુ રકમ વસૂલવામાં આવી હશે તો તેને તાત્કાલિક સરભર કરી આપવાની રહેશે. ડીઈઓ કચેરી દ્વારા વાલીઓની ફરિયાદના આધારે ચકાસણી કરવામાં આવશે અને જો આ બાબતે નિયમભંગ થયો હશે તો નિયમ અનુસાર જે તે શાળા સંચાલક સામે કાર્યવાહી હાથ ધરાશે. તેથી હવે ફી નિર્ધારણ કમિટી પાસેથી ફી મંજૂરીનો આદેશ મેળવનારી ખાનગી શાળાઓએ તે આદેશ શાળાના નોટિસ બોર્ડ પર મૂકવો પડશે અને તે જ પ્રમાણેની ફી લેવાની રહેશે. જે શાળાઓ ફી નિર્ધારણ કમિટીના કાયદા અનુસાર ફી લેવા સહમત છે. તેવી શાળાઓએ કમિટી સમક્ષ એ પ્રમાણેનું સોગંદનામું રજૂ કરવાનું રહે છે. કાયદા મુજબ પ્રાથમિક વિભાગ માટે રૂ.૧૫,૦૦૦, માધ્યમિક વિભાગ માટે રૂ.૨૫,૦૦૦ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે ૨૭,૦૦૦નું ફીનું ધોરણ નક્કી કરાયું છે. રાજ્યભરમાં કુલ ૧૬,૦૦૦થી વધુ ખાનગી શાળાઓ આવેલી છે.

## શૂન્ય પાલનપુરીના ૯૭મા જન્મદિવસ નિમિત્તે અમદાવાદમાં

# સાહિત્યિક વ્યાખ્યાન યોજવામાં આવ્યું



ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત આત્મા હૉલ,આશ્રમ રોડ,અમદાવાદ ખાતે,કવિ અલીખાન ઉસમાનખાન બલુચ,'શૂન્ય'પાલનપુરીના ૯૭-મા જન્મદિનપ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાન 'સાત રંગનું સરનામું'નું આયોજન કરવામાં આવ્યું .ગાયકશ્રી વિપુલ આચાર્યે શૂન્ય પાલનપુરીની જાણીતી ગઝલ 'ક્ષમા કરી દે...'નું ગાન કર્યું.'શૂન્ય'પાલનપુરીના જીવન વિશે,શૂન્ય'પાલનપુરીના પુત્ર શ્રી તસનીમખાન બલુચ અને 'શૂન્ય'પાલનપુરીની કાવ્યસૃષ્ટિ વિશે જાણીતા કવિશ્રી રઈશ મનીઆરે વક્તવ્ય આપ્યું.સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિશ્રી મનીષ પાઠક'શ્વેત'એ કર્યું.ભાષાપ્રેમી અને સાહિત્યરસિક જનતા માટે,આ કાર્યક્રમને માણવા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી ન્હોતી.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૬૩મો મણકો ॥

લોહિયા : તે વખતે જાણે બેરીકેટ થઈ ગઈ હોય, જાણે વચ્ચે એક ભીંત થઈ ગઈ હોય એમ લાગે. કોઈ કોઈ વારે લોકો ડોકિયું કરીને સામે જુએ કે કંઈ ચાલે છે ? પણ એમ છેટું.

હું ગયો ત્યારે પણ લોકોએ ડોકિયું કર્યું. પણ લોકોને આશ્ચર્ય થયું. એ એવા વિસ્તારમાં ગયા હતા જ્યાં લોકો એમને ઓળખતા હતા. તમે અહીંયા ? અહીંયા તો કોઈ આવતું નથી !

મને કોઈ જાતનો કાર્યક્રમ સૂઝાડ્યો નહોતો અને માત્ર એમની વચ્ચે જવાનું કહ્યું હતું. પણ એમની વચ્ચે જવાથી ચિંતન ચાલુ થયું, લોહિયા અમારી વચ્ચે ? છોકરાઓને પણ એ જ કહ્યું હતું. ગાંધીજીના ઉપવાસ ચાલતા હતા તે દરમ્યાન આમ જવામાં બે જણ શહીદ પણ થયા અને એક શહીદની પત્નીને ગાંધીજીએ પત્ર લખ્યો કલકત્તામાં જ હતી. : 'એના જવાથી અફસોસ તો થાય, પણ મને આશા છે કે એનું કામ હવે તું ઉપાડીશ.' ત્રીજો કે ચોથો દિવસ થયો અને અમીય બાબુ પાછા વર્ણન કરે છે કે એક એવરેજ સરેરાશ કહી શકાય એવા ઘરમાં સાંજનો વખત. અને એક જણ આખો દિવસ બહાર રખડીને આવ્યો - ઘરનો માલિક - આવીને ઘરના



માલકણને બંગાળી ભાષામાં ગિન્ની કહેવાય. બપોરે આવ્યા નહીં, જમી લો. તેંય નહીં ખાધું હોય. તું પણ બેસ. ના મારું મન નથી થતું. કેમ નથી ખાતી ? આપણે પાપે પેલા ત્યાં ખાતા નથી, ગિન્ની ઉવાચ. થાળી પર બેઠેલો ગૃહસ્થ ઊભો થઈ જાય છે, હાથ ધોઈને નીકળે છે. નીકળતાં પહેલાં પોતાના ઘરમાંથી હેન્ડ ગ્રેનેડ જે તૈયાર હતી તેનો ગોળો લેતો જાય છે. પહોંચે છે બેલિયા ઘાટ પર હૈદર મંઝીલ, જ્યાં ગાંધી હતા. સોહરાવર્ધીને સાથે રાખીને ત્યાં હતા. ત્યાં પહોંચે છે : હું આ ગોળો લાવ્યો હતો સામી કોમના માણસને મારવા માટે. એ તમને સમર્પણ કરું છું. મહેરબાની કરીને તમે ઉપવાસ છોડો, મારી ગૃહિણી ત્યાં ખાતી નથી.

ગાંધીજી એટલું જ બોલ્યા : 'ખમીર કામ કરતું થયું છે.' પણ ખાધું નહીં. બીજે દિવસે બપોર થઈ ત્યાં સુધીમાં એ બેલિયા ઘાટનો આખો ઓરડો શસ્ત્રોથી ભરાઈ ગયો, જે એ જ નગરના પોતાના ભાઈઓને મારવા માટે બનાવવામાં આવ્યાં હતાં. એ શસ્ત્રોનો ઢગલો ગાંધીજીની આગળ ખડકાઈ ગયો.




કોઈકે પ્રશ્ન કર્યો હતો : ગુંડા સામે તે કોઈ ઉપવાસ કરતું હશે ?

મારા ઉપવાસ ગુંડા સામે નથી, પણ ગુંડા બનાવનાર સામે છે. અને તે એમણે પ્યારેલાલને ઈશારો કર્યો કે વાતાવરણ બને છે પણ એ વાતાવરણને માપવું હોય તો આ શહેરના જે આગેવાનોને મળો અને જાણો. અને તમને નવાઈ લાગશે કે કલકત્તા શહેરની જે શાંતિની અપીલ એક આગેવાને કહ્યું કે હું ઘડી આપી, મારી અપીલ છે કે ગાંધીજીને બતાવજો એમને મંજૂર હોય તો બીજાને બતાવજો. પછી કલકત્તા શહેરના બીજા પચાસેક આગેવાનોને બતાવવામાં આવી. આ અપીલ લખનારા શ્યામાપ્રસાદ મુખર્જી હતા.

માંદગીને કારણે - એમ તો કેબિનેટમાં મિનીસ્ટર હતા - કલકત્તા આવ્યા હતા. ગાંધીજીને એ અપીલ યોગ્ય લાગી અને બધા હાજર થયા. અને શ્યામાપ્રસાદ મુખર્જી તે વખતના જનસંઘના પાયારૂપ માણસ. સંતરા કે મોસંબીનો રસ લઈને ગાંધીજીએ ઉપવાસ છોડ્યા. પછી હર્ષનું એક મોજું ફેલાવા માંડયું, અને લોકો જવા માંડ્યા. પણ ચક્રવર્તી રાજાગોપાલાચાર્ય કે જે ગવર્નર પણ હતા અને ગાંધીજીના વેવાઈ પણ હતા એ ત્યાં વધુ રોકાયા. ગાંધીજીના સૌથી નાના દીકરાના સસરા. વર્ષોથી એકબીજાને ઓળખતા હતા.


રાજાજીને બોલાવ્યા, જરા પાસે આવો. તમે તો ગવર્નર છો ને ? મારું એક કામ કરશો ? કાલે મારે માટે પંજાબ મેલમાં એક આરક્ષણ કરાવી આપશો ? કારણ કે મેં કહ્યું હતું કે, જો કલકત્તામાં અશાંતિ મટે તો હું પંજાબ જઈશ.

પાછા આવો. આ તો કાલે જવાની વાત કરે છે. એમાં તો ખતરો છે. શોહરાવર્ધી કહે છે કે હું સમજાવી જોઉં. થોડા વખત પહેલાં કબૂલ કરી ગયા હતા કે એક વર્ષ પહેલાં કલકત્તામાં જે હુલ્લડો થયાં હતાં, સીધા પગલાં અંગેનો જવાબદાર માણસ.

કેમ ? ખિલાફતના જમાનામાં તે છોકરો, ગાંધીજી સાથે ફરતાં તે કહેતો, હું ગાંધીજીનો દીકરો છું. પાંચ-છ જણમાં સૌથી પહેલાં કાંતતાં શીખ્યા હતા. પહેલા નામથી બોલાવતા, શહીદ. એ પહોંચ્યો. એ ઘણીવાર મહાત્માજી કહે, ગાંધીજી કહે. આ વખતે લાડકો દીકરો થઈને પહોંચ્યો, બાપુ આપના ઉપવાસ છૂટ્યા. અમને બહુ ખુશી થઈ. માત્ર અમને જ નહીં, આખા કલકત્તાને ખુશી થઈ છે. પણ બાપુ, અમારે એ ખુશીને ઉજવવી છે. અમારે જો ઉત્સવ ઉજવવો હોય તો તમારે હાજર રહેવું પડે. અને બે-એક દિવસ તો તૈયારી માટે જોઈએ. પછી પંજાબ જજો.

આમ ૪૮ કલાકની રાહત તેણે મેળવવાનો પ્રયત્ન કર્યો. સારું ત્યારે કહી બાળહઠ માની.

હાવરા સ્ટેશને મૂકવા ગયા ત્યારે ડાયરેક્ટ એક્શનવાળા એ વિદ્યાર્થી ધ્રૂસકે ધ્રૂસકે રડતા હતા. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ